**<u>ફોજદારી કેસ નં ૨૧૧૬/૨૦૨૦</u>**

**અમદાવાદ (રુરલ)ના પાંચમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપી : રમણભાઈ ચોથાભાઈ મેવાડા

**<u>ગુન્હો :– ધી ઈ.પી.કો. કલમ ૨૮૯ તથા જી.પી. એકટની કલમ ૯૦(અ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી એકટ ૧૯૬૦ ની કલમ ૧૧(૧)(એચ)(આઈ) મુજબ.</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ધી ઈ.પી.કો. કલમ ૨૮૯ તથા જી.પી. એકટની કલમ ૯૦(અ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી એકટ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧)(એચ)(આઈ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાની માલીકીની ગાય–૧, રખડતાં મુકી બેદરકારીભર્યુ વલણ દાખવી આવતા જતા રાહદારી/ટ્રાફીકને અડચણરૂપ થઈ ભયજનક રીતે રોડ પર રખડતાં મુકી ગુનો કરેલો છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી. આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ઘ્યાને લેતા તેમજ

પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ:**

૧) આરોપીને ધી ઈ.પી.કો. કલમ ૨૮૯ તથા જી.પી. એકટની કલમ ૯૦(અ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી એકટ ૧૯૬૦ ની કલમ ૧૧(૧)(એચ)(આઈ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/-(એક હજાર રૂપીયા પુરા )નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૨ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

હુકમ આજ તા.૦૯ માહે, સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૯-૦૯-૨૦૨૩
મુ.અમદાવાદ.

(ડી.એમ. બાવીશી)
પાંચમા એડી.જયુડી. મેજી.ફ.ક.
અમદાવાદ(રૂરલ), મીરઝાપુર.
યુ.આઈ.સી.નં. જી જે૦૧૩૮૦

(જી.એસ. મકવાણા)